# RAF SECTOR

## NEWS CLIP

## 25/02/19

TO SERVE HUMANITY WITH SENSITIVE POLICING

**Sandesh (Gujrat)**

### પેટ્રોલિંગ કરી વિસ્તારથી વાકેફ કરાયા

# અંકલેશ્વરમાં રેપિડ એક્શન ફોર્સની ફ્લેગ માર્ચ યોજાઈ



અંકલેશ્વરમાં રેપિડ એક્શન ફોર્સ દ્વારા ફ્લેગમાર્ચ યોજાઇ હતી.

। અંકલેશ્વર ।

અંકલેશ્વર શહેરમાં રેપીડ એક્શન ફોર્સની પ્લાટુન અને સ્થાનિક પોલીસ દ્વારા ફ્લેગ માર્ચ યોજાઈ હતી. આ ફ્લેગ માર્ચ વિવિધ વિસ્તારોમાં પેટ્રોલિંગ દ્વારા વિસ્તારોથી વાકેફ કરવામાં આવ્યા હતા.

રેપીડ એક્શન ફોર્સ બટાલીયનની એક પ્લાટુન અંકલેશ્વર શહેર પોલીસ મથક હદ વિસ્તારમાં આવતા સંવેદનશીલ વિસ્તારોની ભૌગોલિક પરિસ્થિતિથી પરિચિત થાય અને શહેરમાં શાંતિપૂર્ણ માહોલ જળવાય રહે તેમજ આગામી લોકસભાની ચૂંટણીને ધ્યાને રાખી આસીસ્ટન્ટ કમાન્ડટ વિનોદકુમાર અને શહેર પોલીસ મથકના પીએસઆઈ શકિતસિંહ ગોહિલની ઉપસ્થિતિમાં ફ્લેગ માર્ચનું આયોજન કરવામાં આવ્યુ હતું. આ ફ્લેગ માર્ચ શહેર પોલીસ મથકેથી નીકળી શહેરની પંચાતી બજાર, કસ્બાતીવાડ, કાગડીવાડ, ગોયાબજાર સહિતના વિસ્તારોમાં ફુટ પેટ્રોલિંગ કરી વિસ્તારથી વાકેફ કરવામાં આવ્યા હતા. આ ફ્લેગ માર્ચમાં ફોર્સના જવાનો અને શહેર પોલીસ મથકના પોલીસ કર્મીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### ફ્લેગ માર્ચમાં શહેર પોલીસ કર્મીઓ પણ હાજર રહ્યાં

# Photos of Deployment/Fam-Ex/Adopted Village By RAF










**सी0आर0पी0एफ0 सदा अजेय, भारत माता की जय।**